નિયમિત ભરતીમાં છુટછાટ મૂકીને વર્ગ ૩/વર્ગ ૪ -ની જગાઓ પર રમતવીરોને પસંદગી આપવા બાબત

# ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ.

દરાવ નં. સીઆરઆર-૧૧૮૨-૧૧-ગ-૨

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૦મી મે, ૧૯૮૨.

## પરિપત્ર

ગુણવત્તા ધરાવનાર રમતવીરોને સરકાર હેઠળની જગાઓ પર નિમણૂંકની બાબતમાં સવલત આપવા અંગે આ વિભાગના તા. ૨૫-૨-૧૯૮૦ના ઠરાવ ક્રમાંક સીઆરઆર-૧૦૭૭-૨૬૬૦-ગ (૨ નકલ સામેલ છે) થી જરૂરી હુકમો બહાર પાડવામાં આવેલા છે. ખેલકૂદ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની આ પ્રોત્સાહક નીતિને ધાર્યું ઉત્તેજન મળે અને ગુણવત્તા ધરાવનાર રમતવીરોને પણ સરકારી સેવામાં લાયકાતને અનુરૂપ યથાયોગ્ય સ્થાન આપી શકાય તે માટે ઉકત હુકમો આ સાથે ફરીથી પરિપત્રિત કરવામાં આવે છે.

૨. વર્ગ-૩/વર્ગ-૪ની જગાઓના પ્રત્યેક ભરતી પ્રસંગોએ ઉકત સૂચનોનું અચૂકપણે ચિવટપૂર્વક પાલન કરવા માટે સચિવાલયના સર્વે વિભાગો/ખાતા કચેરીના વડાઓને આથી વિનંતી કરવામાં આવે છે. રાજ્યના તમામ જાહેર ઉપક્રમો/નિગમોની ભરતી એજન્સી-ઓ પણ યથાપ્રસંગે સરકારની આ નીતિનો ચુસ્તપણે અમલ કરે તે માટે, હસ્તકના આવા તમામ ઉપક્રમો/નિગમોના ધ્યાન પર આ સૂચનો લાવવા તથા તેના અમલ માટે જરૂરી આદેશો કરવા, સચિવાલયના વિભાગોને આથી આગ્રહપૂર્વક જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હર્ષદ પંડિત,
સંયુકત સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
મુ. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી/બધા મંત્રીશ્રીઓ/ રા. કક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
*સચિવશ્રી, ગુજરાત રાજ્ય સેવા કમિશન, અમદાવાદ,
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,
*સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર,
*રજિસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
*સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીઝ ટ્રીબ્યુનલ, અમદાવાદ,
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ,
સચિવાલયના સર્વે વિભાગો (વધારાની ૫ નકલો સાથે),
સર્વે ખાતા/કચેરીના વડાઓ,
સર્વે જાહેર ઉપક્રમો/નિગમો,
પગાર અને હિસાબી અધિકારીશ્રી/અમદાવાદ/ગાંધીનગર નિવાસી,
હિસાબી અધિકારી ગાંધીનગર,
સા.વ.વિ. ની ખ, ખ૧, ખ૩, ગ, ગ૧, ગર, તથા વસુતા પ્ર-શાખાઓ
સીલેકટ ફાઈલ.

*પત્ર દ્વારા

II-332-1